શ્રી ફીલિંગ્સ
ઝંખના કેવળ સત્યને પામવાની
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

India & Abroad September, 2019

## જન્મભૂમિ ને કર્મભૂમિ બંને ઉપર આવેલી અણધારી આફતમાં
# શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર અંતર્ગત સુકૃતનું વાવેતર




શ્રીમદ રાજચંદ્ર મિશન(ધરમપુર) એવી સંસ્થા છે જે દેશ-વિદેશમાં આફતના સમયે જરૂરતમંદોને મદદરૂપ થવા હંમેશાં તત્પર રહે છે. તાજેતરમાં વડોદરામાં સર્જાયેલ પૂરની સ્થિતિમાં પણ આ સંસ્થાના વડોદરા ખાતેના શશાંકભાઇ બાટવિયા અને તેમની ટીમે ખંતપૂર્વક સહાય કાર્યો કર્યા હતા. અસરગ્રસ્ત વિસ્તારોમાં જઇ, ત્યાંના રહીશોને મળી, તેમના નુકસાન અને જનજીવન જરૂરિયાતનો સર્વે કરી તેમને સહાયરૂપ બન્યા હતા. ઝૂંપડપટ્ટી સહિત અનેક વિસ્તારોમાં તેમણે ૯ કિલો અનાજની ૧૨૫ કિટ સહિત જરૂરી ચીજોનું વિતરણ કર્યું હતું.